અગ્રતા ક્રમ -: ૪

વિભાગ :- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૦૬

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ : ૦૭.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)

**અગ્રતા ક્રમ : ૪**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૦૬**

**અનુક્રમણિકા**

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | સરકારશ્રીએ વર્ષ ૨૦૨૧-૨૨ ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૨-૨૩ ની બજેટ જોગવાઈમાં કેટલા ટકા વધારો થયેલ છે? અને તે સામે નવા ક્યા ક્યા કામ/ખર્ચ કર્યા? | શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર) |
| પેટા પ્રશ્ન-૨ | ગુજરાતના યુવાનોને અદ્યતન પ્રકારની તાલીમ આપવા માટે સરકારે શા પ્રયત્ન કર્યા છે? | શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર) |
| પેટા પ્રશ્ન-3 | છેલ્લા બે વર્ષમાં (વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩) વિભાગ દ્વારા કેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવેલ છે? | શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ) |
| પેટા પ્રશ્ન-૪ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગમાં શ્રમિકોને લાભ આપવાની કઈ કઈ યોજનાઓ અમલમાં છે? | શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ) |

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન**

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/506

વિષય:

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ

| સૂચના મળ્યાની તારીખ: 09/01/2024 | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ 01/02/2024 | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ 16/01/2024 |
|---|---|---|

*15/4/506 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

મેઇન પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૧)

| વર્ષ | કરવામાં આવેલ જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૫૦૨.૩૨ |
| ૨૦૨૨–૨૩ | ૧૮૩૬.૮૩ |

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૨૭૯.૮૮ |
| ૨૦૨૨–૨૩ | ૧૫૯૧.૮૭ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

(૩)

| વર્ષ | વપરાયેલ રકમ (રૂ. કરોડમાં) | વણવપરાયેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૨૧૨.૨૩ | ૬૭.૬૫ |
| ૨૦૨૨–૨૩ | ૧૪૭૦.૭૧ | ૧૨૧.૧૬ |

- ઉપર મુજબની બચત મહદઅંશે પગારભથ્થાં, કચેરી ખર્ચ વગેરે ઓછા થવાના કારણે રહેવા પામેલ છે.

---

* વર્ષ ૨૦૨૧-૨૨ માં ફાળવેલ રકમમાંથી ૯૪.૭૧ ટકા રકમ વપરાયેલ છે.

* વર્ષ ૨૦૨૨-૨૩ માં ફાળેવલ રકમમાંથી ૯૨.૩૮ ટકા રકમ વપરાયેલ છે.

મેઇન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટમાં વર્ષવાર (વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩) કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે, તેમજ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. તેમાંથી વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે તેમજ ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાના કારણો શું છે?**

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૪

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૦૬

પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૧ | સરકારશ્રીએ વર્ષ ૨૦૨૧-૨૨ ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૨-૨૩ ની બજેટ જોગવાઈમાં કેટલા ટકા વધારો થયેલ છે? અને તે સામે નવા ક્યા ક્યા કામ/ખર્ચ કર્યા? |

જવાબ

| વર્ષ | બજેટ જોગવાઈ (રૂ.કરોડ) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૫૦૨.૩૨ (પંદરસો બે કરોડ) |
| ૨૦૨૨-૨૩ | ૧૮૩૬.૮૩ (અઢારસો છત્રીસ કરોડ) |

વર્ષ ૨૦૨૧-૨૨ ની તુલનામાં વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ. ૩૩૪.૫૧ કરોડ અને ૨૨.૨૭% નો વધારો થયેલ છે. જે અંતર્ગત નીચે મુજબના કામ/ખર્ચ કરવામાં આવેલ છે.

૧. શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત રાજયના તમામ જીલ્લામાં બાંધકામ શ્રમિકો ભોજન મેળવી શકે જે ધ્યાને લઇ રાજ્યમાં કડીયાનાકા ખાતે નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.

૨. કૌશલ્ય ધી- સ્કિલ યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવેલ છે.

૩. ડ્રોન સ્કિલ ઇન્સ્ટિટયુટ શરૂ કરવામાં આવેલ છે.

૪. ૫૧ પ્રકારના ટુંકાગાળાના નવા અભ્યાસક્રમો (ન્યુ એજ કોર્સિસ) શરૂ કરવા માટે મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૫. શ્રમિકો માટે શિક્ષણ સહાયની યોજના તથા અન્ય યોજનાઓનું સુદ્રઢીકરણ કરવામાં આવેલ છે.

૬. ૫૦ નવા ધનવંતરી આરોગ્ય રથ શરૂ કરવામાં આવેલ છે.

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ : ૪<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૦૬ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર) | |
| પેટા પ્રશ્ન ૨ | ગુજરાતના યુવાનોને અદ્યતન પ્રકારની તાલીમ આપવા માટે સરકારે શા પ્રયત્ન કર્યા છે? |
| જવાબ | ગુજરાતનાં યુવાનોને અદ્યતન તાલીમ મળી રહે તે હેતુસર રાજ્યમાં કૌશલ્યા-ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઇન્ડસ્ટ્રી માર્કેટની માંગ મુજબ આઈ.ટી., પાવર, ઓટોમોટિવ જેવા વિવિધ સેકટર્સમાં નવા વ્યવસાયોની બેઠકોમાં વધારો કરવામાં આવેલ છે .<br>સરકાર ધ્વારા રાજ્યની સંસ્થાઓ ખાતે કાર્યરત કુલ ૬૩ પ્રકારના બિન લોકપ્રિય ટ્રેડની ૩૯૭૬ બેઠકો રદ કરી ૪૩ લોકપ્રિય ટ્રેડની ૪૦૫૨ બેઠકોનો વધારો કરેલ છે.<br>વધુમાં યુવાનોને ડ્રોનની તાલીમ આપવા માટે ડ્રોન સ્કીલ ઈન્સ્ટીટ્યુટના સંચાલન તથા ડ્રોન ઈન્સ્ટ્રકટર સેન્ટરની સ્થાપના માટે આ બજેટમાં રૂ.૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. |

[મેઇન પેજ પર જાઓ]

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૪**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૦૬** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ)** | |
| **પેટા પ્રશ્ન ૩** | **છેલ્લા બે વર્ષમાં (વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩) વિભાગ દ્વારા કેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવેલ છે?** |
| **જવાબ** | - સરકારી આઈ.ટી.આઈ., ગ્રાન્ટ ઇન એઇડ આઈ.ટી.આઈ. તેમજ સેલ્ફ ફાયનાન્સ આઈ.ટી.આઈ. અંતર્ગત વર્ષ: ૨૦૨૧-૨૦૨૨ માં કુલ ૧,૨૩,૮૫૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ છે. જ્યારે વર્ષ: ૨૦૨૨-૨૦૨૩ માં કુલ ૧,૨૮,૨૨૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ છે.<br>- એપ્રેન્ટીસ તાલીમ યોજના અંતર્ગત વર્ષ: ૨૦૨૧-૨૦૨૨ માં કુલ ૧,૦૫,૧૧૪ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ: ૨૦૨૨-૨૦૨૩ માં કુલ ૧,૨૧,૭૧૦ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.<br>- રાજયમાં વિવિધ ઔધોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ૭૯ રાષ્ટ્રિયકક્ષાના તથા ૫૩ રાજયકક્ષાના એમ કુલ ૧૩૨ લાંબાગાળાના વ્યવસાયો ચલાવવામાં આવે છે.<br>- ગુજરાતનાં યુવાનોને અદ્યતન તાલીમ મળી રહે તે હેતુસર રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઇન્ડસ્ટ્રી માર્કેટની માંગ મુજબ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના વ્યવસાયો શરૂ કરવામાં આવેલ છે:<br>આઇઓટી ટેકનીશીયન (સ્માર્ટ એગ્રીકલ્ચર, સ્માર્ટ સીટી, સ્માર્ટ હેલ્થકેર), રીમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ-ડ્રોન પાઇલોટ, સીવીલ એન્જીનીયરીંગ આસીસ્ટન્ટ, એડિટિવ મેન્યુફેકચરીંગ ટેકનીશીયન (૩-ડી પ્રિન્ટીંગ), સોલાર ટેકનીશીયન (ઈલેકટ્રીકલ), ટેકનીશીયન મેકાટ્રોનિક્સ અને ઈન્ટેરીયર ડીઝાઈન એન્ડ ડેકોરેશન. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૪**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૦૬** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ)** | |
| **પેટા પ્રશ્ન ૪** | **શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગમાં શ્રમિકોને લાભ આપવાની કઈ કઈ યોજનાઓ અમલમાં છે?** |
| **જવાબ** | ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા સંગઠિત ક્ષેત્રમા ફરજ બજાવતા શ્રમયોગીઓ અને તેઓના આશ્રિતો માટે મોબાઇલ મેડિકલ વાન યોજના, પ્રસુતિ સહાય યોજના, ગો ગ્રીન યોજના, શ્રમ નિકેતન યોજના, ઉચ્ચતર શિક્ષણ સહાય યોજના, શૈક્ષણિક પુરસ્કાર યોજના, અકસ્માત મૃત્યુ સહાય યોજના, આંગણવાડી ઘોડિયાઘર અને આરોગ્ય કેન્દ્ર યોજના જેવી વિવિધ યોજનાઓ અમલમાં છે.<br><br>ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા નોંધાયેલા બાંધકામ શ્રમયોગીઓ અને તેઓના આશ્રિતો માટે શિક્ષણ સહાય યોજના, આકસ્મિક મૃત્યુ સહાય યોજના, અંત્યેષ્ઠી સહાય યોજના, શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના, પ્રસુતિ સહાય યોજના, વ્યાવસાયિક રોગની બીમારીમાં સહાય યોજના, બાંધકામ શ્રમિકો માટે તબીબી સારવાર યુનિટ - ધન્વન્તરી આરોગ્ય રથ યોજના, શ્રમિક અન્નપુર્ણા યોજના, વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, બાંધકામ શ્રમિકોના બાળકોની નવી હોસ્ટેલ સહાય યોજના, કૌશલ્યવર્ધન તાલીમ યોજના, શ્રમિક પરિવહન યોજના, ગો ગ્રીન યોજના, પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના, મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા, શ્રમિક બસેરા યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તેમજ કુશળ શ્રમિક સહાય યોજના જેવી વિવિધ યોજનાઓ અમલમાં છે. |

મેઇન પેજ પર જાઓ